# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2020-21 માટે
## ધોરણ-12 : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (331) (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

**સમય : 2 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 30 | 30 | 30 | 10 | 100 |
| ટકા | 30 % | 30 % | 30 % | 10 % | 100 % |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નપત્રનું સ્વરૂપ | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 100 | 100 |
| | કુલ | **100** | **100** |

**પ્રકરણ દીઠ ગુણભાર :**

| ક્રમાંક | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર |
|---|---|---|
| 1 | કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફોર્મની રચના કરવી | 12 |
| 2 | કેસ્કેડિંગ સ્ટાઈલશીટ અને જાવા સ્ક્રિપ્ટ | 12 |
| 3 | કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઈટની રચના | 10 |
| 4 | ઈ-કોમર્સનો પરિચય | 10 |
| 5 | એમ-કોમર્સનો પરિચય | 07 |
| 6 | ઓબ્જેક્ટ આધારિત ખ્યાલો | 10 |
| 7 | જાવામાં મૂળભૂત બાબતો | 12 |
| 8 | જાવામાં ક્લાસ અને ઑબ્જેક્ટ | 11 |
| 9 | એરે અને સ્ટ્રીંગનો ઉપયોગ | 11 |
| 13 | અન્ય ઉપયોગી નિઃશુલ્ક ટૂલ્સ અને સેવાઓ | 05 |
| | કુલ | **100** |

- ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહિ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**

**ધોરણ-12 : કમ્પ્યૂટર અધ્યયન (331) (પ્રાયોગિક) (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

**સમય : 2 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 50**

**પ્રકરણ વાર ગુણભાર :**

| ક્રમાંક | પ્રકરણનું નામ | પ્રાયોગિક ગુણભાર |
|---|---|---|
| 1 | કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફોર્મની રચના કરવી | 12 |
| 2 | કેસ્કેડિંગ સ્ટાઈલશીટ અને જાવા સ્ક્રિપ્ટ | 13 |
| 3 | કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઈટની રચના | 15 |
| 7 | જાવામાં મૂળભૂત બાબતો | 05 |
| 8 | જાવામાં ક્લાસ અને ઑબ્જેક્ટ | 05 |
| | કુલ | **50** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**

**ધોરણ-12 : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (331) (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

**સમય : 2 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 100**

**1. કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફોર્મની રચના [12]**

1. HTML ફોર્મની રચના કરવા માટે નીચેનામાંથી કયા ઘટકનો ઉપયોગ કરવામાં આવે છે ?
   (A) Form (B) Input (C) Select (D) Textarea
2. Form Field Properties ના More Properties વિકલ્પ પર ક્લિક કરતા નીચેના પૈકી કયો ગુણધર્મ જોવા મળે છે ?
   (A) ફિલ્ડનું કદ (B) મહત્તમ લંબાઈ (C) (A) અને (B) બંને (D) આમાંથી કોઈ નહિ
3. નીચેનામાંથી કઈ પદ્ધતિ એક સમયે માત્ર મર્યાદિત માહિતી મોકલવાની અનુમતિ પૂરી પાડે છે ?
   (A) POST (B) GET (C) FORM (D) INPUT
4. સામાન્ય રીતે HTML ફોર્મમાં વિકલ્પોના જૂથમાં એકથી વધુ વિકલ્પ પસંદ કરવા માટે શેનો ઉપયોગ કરવામાં આવે છે ?
   (A) Radio button (B) Checkbox (C) Textbox (D) Password
5. IDE નું પૂરું નામ શું છે ?
   (A) International Development Environment (B) Internal Development Environment
   (C) Integrated Development Environment (D) Integrated Development Education
6. કમ્પોઝરમાં ક્યો ભાગ એ સાઈટમાં અથવા એકથી વધુ સાઈટ વચ્ચેના નેવિગેશન માટે ઉપયોગમાં લઈ શકાય તેવું સક્ષમ સાધન છે ?
   (A) સાઈટ મેનેજર (B) નેવિગેશન મેનેજર (C) કમ્પોઝર મેનેજર (D) મેનેજર
7. કમ્પોઝરમાં ફોર્મના બેકગ્રાઉન્ડનો રંગ બદલવા માટે કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે ?
   (A) Tools → Page Colors and Background (B) Insert → Page Colors and Background
   (C) Edit → Page Colors and Background (D) Format → Page Colors and Background
8. કમ્પોઝર વિન્ડોની પેજપેનના નીચેના ભાગમાં ડાબી બાજુ કેટલા ટેબ જોવા મળે છે ?
   (A) 2 (B) 3 (C) 4 (D) 5
9. કમ્પોઝરમાં નીચેનામાંથી કયો ટૂલબાર આવેલો નથી?
   (A) Design (B) Preview (C) Split (D) Source
10. કમ્પોઝરમાં જો ટૂલબાર દૃશ્યમાન ન હોય, તો તેને દર્શાવવા માટે કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે ?
    (A) View → Show/Hide (B) Tools → Show/Hide
    (C) Insert → Show/Hide (D) Format → Show/Hide
11. ફોર્મમાં જ્યારે પાનામાં કોઈપણ વસ્તુ પર ક્લિક કરવામાં આવે છે, ત્યારે તેનું માળખું નીચેના પૈકી ક્યાં દર્શાવવામાં આવે છે ?
    (A) View bar (B) Status bar (C) Menu bar (D) Navigation bar
12. નીચેનામાંથી કયું ઓપનસોર્સ IDE નું ઉદાહરણ છે ?
    (A) KompoZer (B) Eclipse (C) Netbeans (D) આપેલ તમામ

**2 કેસ્કેડિંગ સ્ટાઈલશીટ અને જાવાસ્ક્રિપ્ટ [12]**

13. નીચેનામાંથી કોને CSS વાક્યરચનામાં એક વિશિષ્ટ નિશાની તરીકે ઓળખવામાં આવે છે ?
    (A) Selector (B) Declaration (C) Rules (D) Value

14. નીચેનામાંથી કઈ સંસ્થાએ જાવાસ્ક્રિપ્ટનો વિકાસ કર્યો હતો ?
(A) Google (B) Netscape (C) Yahoo (D) Wikipedia

15. નીચેની CSS વાક્યરચનામાં selector કયું છે ?
H1 {color : green}
(A) color (B) {color : green} (C) green (D) H1

16. કમ્પોઝરમાં CSS માટેનું cascade બટન કયા ટૂલબાર પર આવેલું છે ?
(A) Format Toolbar1 (B) Format Toolbar2
(C) Composition Toolbar (D) Standard Toolbar

17. કમ્પોઝરમાં નીચેનામાંથી કયો વિભાગ CSS Stylesheets ડાયલોગબોક્સની જમણી બાજુએ જોઈ શકાય છે ?
(A) General, Text (B) Background, Border
(C) Box, Lists, Aural (D) આપેલ તમામ

18. નીચેનામાંથી કયું વિધાન જાવાસ્ક્રિપ્ટ માટે સાચું નથી ?
(A) જાવાસ્ક્રિપ્ટ કોડને વેબપેજમાં સીધા જ એક સ્વતંત્ર વિભાગ સ્વરૂપે મૂકી શકાય છે.
(B) જાવાસ્ક્રિપ્ટ એ કેસ સેન્સિટિવ ભાષા છે.
(C) ક્લાયન્ટ બાજુની યથાર્થતા ચકાસવા માટે ઉપયોગી છે.
(D) Java script તેની નીચે આવેલા સ્તરમાં ફેરફાર કર્યા વગર વેબસાઈટની સંરચના કરવાની સુવિધા પૂરી પાડે છે.

19. HTML ફોર્મમાં વિગતોની ક્લાયન્ટ બાજુ યથાર્થતા ચકાસવા માટે કોનો ઉપયોગ થાય છે ?
(A) JavaScript (B) CSS (C) HTML (D) Method

20. જાવાસ્ક્રિપ્ટમાં જ્યારે દસ્તાવેજ કે ચિત્ર દર્શાવવામાં આવે ત્યારે કઈ ઘટના અમલમાં આવે છે ?
(A) abort (B) blur (C) load (D) unload

21. જાવાસ્ક્રિપ્ટમાં isNaN() ફંક્શનમાં આપેલ કિંમત આંકડાકીય પ્રકારની ન હોય તો તે કઈ કિંમત પરત કરે છે ?
(A) Yes (B) True (C) No (D) False

22. જાવાસ્ક્રિપ્ટનો ઉપયોગ કરી ફોર્મમાં નીચેના પૈકી કઈ બાબત તપાસવામાં આવે છે ?
(A) ઉપયોગકર્તાએ કોઈ જરૂરી ફિલ્ડ ખાલી છોડી દીધું છે કે નહીં
(B) ઉપયોગકર્તાએ યોગ્ય ઈ-મેલ સરનામું દાખલ કર્યું છે કે નહીં
(C) બે ફિલ્ડની વિગતો સમાન છે કે નહીં
(D) આપેલ તમામ

23. દસ્તાવેજ કે ચિત્ર દર્શાવતી વખતે ક્ષતિ ઉદ્ભવે ત્યારે નીચેના પૈકી કઈ ઘટના બને છે ?
(A) abort (B) error (C) change (D) skip

24. પોગ્રામનો પ્રવાહ બદલવા માટે કયા શરતી વિધાનનો ઉપયોગ થાય છે ?
(A) if (B) Switch (C) loop (D) action

**3 કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઈટની રચના [10]**

25. ઉપયોગકર્તાના કમ્પ્યૂટરમાં સંગ્રહ કરવામાં આવતા ચલને શું કહે છે?
(A) Storage (B) Cookie (C) Hard disk (D) Memory

26. વેબસાઈટ આયોજનમાં શું નક્કી થયા પછી વેબસાઈટના વિષયવસ્તુ (content) અને રૂપરેખા (layout) ને યોગ્ય રીતે વિકસાવી શકાય છે ?

(A) હેતુ (B) વિષયવસ્તુ (C) માધ્યમ (D) પ્રેક્ષકગણ

27. વેબપેજનું શીર્ષક વેબબ્રાઉઝરના કયા બારમાં દર્શાવવામાં આવે છે ?

(A) Tool bar (B) Menu bar (C) Status bar (D) Title bar

28. જ્યારે ઉપયોગકર્તા વેબસાઈટના એડ્રેસબારમાં URL સરનામું ઉમેરે ત્યારે વેબસાઈટનાં ખોલવામાં આવતા સૌપ્રથમ પેજને શું કહે છે ?

(A) વેબપેજ (B) હોમ પેજ (C) વેબસાઈટ (D) સામાન્ય પેજ

29. કમ્પોઝરમાં Table properties ડાયલોગ બોક્સમાં Table વિભાગનાં કયા વિકલ્પનો ઉપયોગ કોષ્ટકને શીર્ષક આપવા માટે થાય છે ?

(A) First line (B) Heading (C) Caption (D) Title

30. કમ્પોઝરમાં ચિત્ર ઉમેરવા માટે કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) Insert → Image (B) Insert → Picture (C) Input → Image (D) Input → Picture

31. ISP નું પૂરું નામ શું છે ?

(A) Internet Service Provider (B) Internet Solution Provider
(C) International Service Provider (D) Internet Solution Property

32. વેબસાઈટ બનાવવા માટે કયા નામે ઓળખાતી વિવિધ રૂપરેખાઓના નમૂના ઈન્ટરનેટ પર નિ:શુલ્ક ઉપલબ્ધ છે ?

(A) Format (B) Design (C) Template (D) Page

33. નીચેનામાંથી કયા આંતરપ્રસ્થાપિત જાવાસ્ક્રિપ્ટ વિધેય દ્વારા વિગતોને અંકોમાં ફેરવી શકાય છે ?

(A) isNaN() (B) alert() (C) number() (D) parseFloat()

34. કમ્પોઝરમાં લિંકની રચના કરવા માટે કયા મેન-વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) Insert → Link (B) Import → Link (C) Input → Link (D) In → Link

## 4 ઈ-કોમર્સનો પરિચય [10]

35. કઈ પ્રક્રિયા દ્વારા ગ્રાહકને ઉત્પાદનની કિંમત માટે બોલી લગાવીને ખરીદ કે વેચાણની સુવિધા પૂરી પાડવામાં આવે છે ?

(A) નેટ બેંકિંગ (B) હરાજી (C) payment (D) charges

36. ઈ-કોમર્સમાં સંસ્થાઓ કે બૅન્કો દ્વારા ગ્રાહકોને મોકલવામાં આવતી સૂચનાઓ અને સ્મરણપત્રો (reminders) કેવા પ્રકારની સેવાનું ઉદાહરણ છે ?

(A) Information Service (B) Marketing
(C) Advertising (D) Support Service

37. નીચેનામાંથી કઈ વિશેષતા પરંપરાગત વ્યવસાયની નથી ?

(A) નિશ્ચિત સમયગાળા માટે અથવા તો વ્યવસાયના કલાકોમાં પ્રક્રિયા -વેપાર કરવામાં આવે, હરીફો સમક્ષ માહિતી વહેંચવી પડતી નથી.

(B) વેચાણ અધિકારી, વેચાણ વહીવટકાર અને તેવી અન્ય વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવે છે.

(C) જગ્યાનું ભાડું, માલની ખરીદી, જાહેરાત, માલ-યાદી (inventory), માલ મોકલવાની વ્યવસ્થા વગેરે કરવી પડે છે.

(D) ઉત્પાદનની જાહેરાત ઈલેક્ટ્રોનિક સંસાધનો દ્વારા થાય છે.

38. નીચેનામાંથી કઈ પ્રતિકૃતિ ઈન્ટરનેટ દ્વારા વેબસાઈટના ઉપયોગથી જે વ્યાવસાયી કે સંસ્થાઓ ગ્રાહકોને તેમનાં ઉત્પાદનો કે સેવાઓનું વેચાણ કરે છે, તેમના માટે ઉપયોગી બને છે ?
(A) B2B (B) B2C (C) C2B (D) C2C

39. નીચેના પૈકી કઈ વસ્તુઓનું - ઉત્પાદનોનું ઈ-કોમર્સ વડે વેચાણ કરવું મુશ્કેલ છે ?
(A) નાશવંત પદાર્થો (B) કિંમતી ઘરેણાં (C) ઉચ્ચ બનાવટના કપડાં (D) આપેલ તમામ

40. ઈન્ટરનેટ દ્વારા વેબસાઈટના ઉપયોગથી ગ્રાહક વડે ઉત્પાદન કે સેવાની કિંમત નક્કી કરવામાં આવે, તેમના માટે કઈ વ્યાવસાયિક પ્રતિકૃતિ ઉપયોગી બને છે ?
(A) B2B (B) B2C (C) C2B (D) C2C

41. ઈ-કોમર્સમાં ઘણો જ ગંભીર મુદ્દો નીચેના પૈકી કયો છે ?
(A) સુરક્ષા (B) ગોપનીયતા (C) અનધિકૃત ઉપયોગ (D) રજૂઆત

42. ઓનલાઈન પુસ્તકોની દુકાનોમાં સૌપ્રથમ દુકાન કઈ હતી ?
(A) www.amazon.com (B) www.homeshop18.com
(C) www.flipcart.com (D) www.myntra.com

43. નીચેનામાંથી ઈ-કોમર્સનો ફાયદો કયો છે ?
(A) અવિરત સમય (24 x 7) માટેની વ્યપારવ્યવસ્થા (B) સરદહ કે ભૌગોલિક મર્યાદાનો અભાવ
(C) ઉન્નત અને વધુ સારી ગ્રાહક સેવા (D) આપેલ તમામ

44. ભારતીય રેલવેની વેબસાઈટ www.irctc.co.in એ ઈ-કોમર્સનાં કયા પ્રકારનું ઉદાહરણ છે ?
(A) માર્કેટીંગ અને વેચાણ (B) ઓનલાઈન હરાજી
(C) ઓનલાઈન સેવા (D) નેટ બેંકિંગ

**5 એમ-કોમર્સનો પરિચય [07]**

45. ઈન્ટરનેટ ધરાવતા વાયરલેસ સાધનોના ઉપયોગ કરી માલ કે સેવાના ખરીદ-વેચાણને શું કહે છે ?
(A) ઈ-કોમર્સ (B) એમ-કોમર્સ (C) એલ-કોમર્સ (D) આપેલ તમામ

46. ઉપયોગકર્તાના મશીન કે નેટવર્કને સ્થગિત કરી નાખી તેને નિરુપયોગી બનાવી દેવાનું આક્રમણ કયા નામે ઓળખાય છે ?
(A) Malicious Code (B) Denial of Service Attack
(C) Cyber Vandalism (D) Sniffer

47. મોબાઈલ ઉપકરણો દ્વારા પૂરી પાડવામાં આવતી શેરબજારને લગતી સેવાને કઈ સેવા તરીકે ઓળખવામાં આવે છે ?
(A) મોબાઈલ બ્રોકરેજ (B) મોબાઈલ સેલિંગ (C) મોબાઈલ હરાજી (D) મોબાઈલ બેંકિંગ

48. નીચેનામાંથી શું સહજ ઉપલબ્ધતા અને ગતિશીલતાને કારણે આજકાલ વધુ પ્રચલિત થઈ રહ્યું છે ?
(A) ઈ-કોમર્સ (B) એમ-કોમર્સ (C) એલ-કોમર્સ (D) આમાંથી કોઈ નહિ

49. એક માહિતીમાં અન્ય માહિતી સંતાડવાની ક્રિયાને શું કહે છે ?
(A) Steganography (B) Cryptography (C) Photography (D) Geography

50. ટ્રેડમાર્ક દર્શાવવા માટે નીચેનામાંથી કઈ નિશાનીનો ઉપયોગ થાય છે ?
(A) TM (B) SM (C) ® (D) આપેલ તમામ

51. સુરક્ષિત જોડાણ ધરાવતી સાઈટનાં સરનામાની શરૂઆત નીચેનામાંથી શાના દ્વારા થાય છે ?
(A) https:// (B) http:// (C) html:// (D) hssp://

**6 ઓબ્જેક્ટ આધારિત ખ્યાલ [10]**

52. નીચેના પૈકી કઈ પ્રોગ્રામિંગ ભાષા ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગને સમર્થન આપતી નથી ?
(A) C++ (B) C (C) C# (D) Java

53. ઓબ્જેક્ટ આધારિત ભાષામાં નીચેના પૈકી કયા ગુણધર્મો હોવા જરૂરી છે ?
(A) એબ્સ્ટ્રેક્શન (B) ઈનકેપ્સ્યુલેશન (C) પોલિમોર્ફિઝમ (D) આપેલ તમામ

54. નીચેમાંથી કયો વિકલ્પ એ કોઈ ચોક્કસ ઓબ્જેક્ટનાં જૂથની સમાન લાક્ષણિકતાઓનો સમાવેશ કરવા માટેનો એક સર્વસાધારણ ખ્યાલ છે ?
(A) સ્ટેટ (B) મેથડ (C) ક્લાસ (D) ડેટાફિલ્ડ

55. કોમ્પોઝિશન બે ક્લાસ વચ્ચેના કેવા સંબંધને રજૂ કરે છે ?
(A) ખુલ્લું (B) આંશિક (C) અજોડ (D) આપેલ તમામ

56. નીચેનામાંથી કયો ખ્યાલ આંટીઘૂંટી કે ગૂંચને છૂપાવે છે અને તે જે કાર્ય કરે છે તેને જણાવે છે, પરંતુ કાર્ય કઈ રીતે કરે છે તે જણાવતું નથી ?
(A) ઈનહેરિટન્સ (B) એબસ્ટ્રેક્શન (C) ઈનકેપ્સ્યુલેશન (D) પોલિમોર્ફિઝમ

57. ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ ટર્મિનોલોજીના ઈનહેરિટન્સમાં હયાત ક્લાસને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) સુપર ક્લાસ (super class) (B) પેરન્ટ ક્લાસ (parent class)
(C) બેઈઝ ક્લાસ (base class) (D) આપેલ તમામ

58. નીચેના પૈકી કયું ભૌતિક સ્વરૂપના ઓબ્જેક્ટનું ઉદાહરણ છે ?
(A) વ્યક્તિ (B) તારીખ (C) સમય (D) સુખ

59. દરેક ઓબ્જેક્ટને એકબીજાથી અલગ પાડતી લાક્ષણિકતાઓને ઓબ્જેક્ટ આધારિત પરિભાષામાં કયા નામે ઓળખાય છે ?
(A) પ્રોપર્ટી (B) એટ્રિબ્યુટ (C) (A) અને (B) બંને (D) આમાંથી કોઈ નહિ

60. નીચેના પૈકી કયા દાયકાની મધ્યથી નવા સોફ્ટવેર બનાવવા માટે ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગ એ મુખ્ય પદ્ધતિ બની ગઈ ?
(A) 1960 (B) 1970 (C) 1980 (D) 1990

61. ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગમાં કઈ લાક્ષણિકતા એક જ ક્લાસમાં એક કરતાં વધુ મેથડ કે જેના નામ એકસરખા હોય પણ સિગ્નેચરથી અલગ હોય તેને વ્યાખ્યાયિત કરવાની મંજૂરી આપે છે ?
(A) Class Overloading (B) Method Overloading
(C) Object Overloading (D) Program Overloading

**7 જાવાની મૂળભૂત બાબતો [12]**

62. નીચેનામાંથી કોણ એ ઉચ્ચ કક્ષાના યુનિક્સ વર્ક સ્ટેશન માટેની પ્રખ્યાત કંપની છે ?
(A) Microsoft (B) Java (C) Netscape (D) Sun Microsystems

63. જાવા વર્ચ્યુયલ મશીનની યાંત્રિક ભાષાને શું કહેવામાં આવે છે ?
(A) Java Code File (B) Java Byte Code
(C) Java Virtual Machine (D) Java File

64. ઉબન્ટુમાં જાવા ફાઈલ બનાવવા માટે કયા એડિટરનો ઉપયોગ થાય છે ?
(A) SciTe (B) Notepad (C) Edit (D) Wordpad

65. જાવા પ્રોગ્રામ કંઈ પણ ભૂલ વિના કંપાઈલ થાય ત્યારે કયા અનુલંબન વાળી ફાઈલ તૈયાર થશે ?
(A) .java (B) .class (C) .exe (D) .jpg

66. જાવા પોગ્રામનો કયો ભાગ કંપાઈલ કે ઈન્ટરપ્રિટ થતો નથી ?
(A) Comment (B) Function (C) Class (D) Method

67. જાવામાં float ડેટાપ્રકાર કેટલા બાઈટ સંગ્રહ કરે છે ?
(A) 2 bytes (B) 4 bytes (C) 8 bytes (D) 16 bytes

68. જાવામાં ઈન્ક્રીમેન્ટ અને ડીક્રીમેન્ટ (વૃદ્ધિ પ્રક્રિયક અને હ્રાસ પ્રક્રિયક) તરીકે કયા ચિહ્નનો ઉપયોગ થાય છે ?
(A) ++ અને — (B) !! અને @@ (C) && અને || (D) + અને -

69. જાવામાં જ્યારે કોઈ શરતના ભંગ ન થાય ત્યાં સુધી કોઈ વાક્યોનું પુનરાવર્તન કરવાનું હોય ત્યારે શાનો ઉપયોગ થાય છે ?
(A) block (B) loop (C) structure (D) control

70. જ્યારે પુનરાવર્તનની સંખ્યા અગાઉથી નક્કી હોય ત્યારે કયું લૂપ ઉપયોગી છે ?
(A) if (B) for (C) while (D) do…while

71. જાવામાં જ્યારે બંને સંકાર્ય અલગ-અલગ પ્રકારનાં હોય ત્યારે સૌ પ્રથમ જે ડેટા પ્રકારની રેન્જ નાની છે તેને મોટી રેન્જના ડેટાપ્રકારમાં બદલી નાખવામાં આવે છે. આ પ્રકારના પરિવર્તનને શું કહેવામાં આવે છ ?
(A) Code (B) Promotion (C) Implicit (D) Method

72. જાવામાં લૂપમાં કયા વિધાનનો અમલ થાય છે, ત્યારે લૂપમાં સમાવેલાં બધાં વિધાનો અમલ કર્યા વિના છોડી દેવામાં આવે છે અને વધારાનું કોઈ પુનરાવર્તન કરવામાં આવતું નથી ?
(A) Switch (B) Case (C) Break (D) Stop

73. જ્યારે આપણે કોઈ બ્લોકની અંદર ચલ ઘોષિત કરીએ છીએ ત્યારે તે કેવા પ્રકારનો ચલ કહેવાય છે ?
(A) Global (B) Social (C) Viral (D) Local

## 8 જાવામાં ક્લાસ અને ઓબ્જેક્ટ [11]

74. જાવામાં મેમરી ફાળવીને ઓબ્જેક્ટ બનાવવા માટે કયા ચાવીરૂપ શબ્દનો ઉપયોગ થાય છે ?
(A) new (B) static (C) private (D) class

75. ક્લાસના બધા ઈન્સ્ટન્સના ડેટા સ્ટ્રક્ચરમાં મેમરીની ફાળવણીને શું કહે છે ?
(A) collection (B) heap (C) storage (D) Memory

76. જાવામાં ઈન્સ્ટન્સ વેરિયેબલને ઓબ્જેક્ટ દ્વારા મેળવવા માટે કયા ચિહ્નનો ઉપયોગ થાય છે ?
(A) : (colon) (B) . (dot) (C) , (comma) (D) ;(semi colon)

77. જાવામાં જ્યારે કોઈ પણ એક્સેસ મોડિફાયર વાપરેલો ન હોય ત્યારે પૂર્વ નિર્ધારિત પ્રકારની વિઝિબિલિટી કઈ છે ?
(A) public (B) private (C) package (D) protected

78. જાવામાં જો રક્ષિત કરેલ ડેટાનો ઉપયોગ કરીએ ત્યારે ડેટામાં ફેરફાર અન્ય દ્વારા માન્ય રાખતા હોઈએ તો કઈ મેથડનો ઉપયોગ થાય છે ?
(A) mutator (B) setter (C) getter (D) operator

79. ઈનહેરિટન્સ બે ક્લાસ વચ્ચે કયા પ્રકારનો સંબંધ ધરાવતું મોડેલ છે ?
(A) has-a (B) is-a (C) like-as (D) was-a

80. જાવામાં ઈનહેરિટન્સમાં "ચાઈલ્ડ ક્લાસ" ને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) સબ ક્લાસ (B) ડિરાઈવ્ડ ક્લાસ (C) એક્સટેન્ડેડ ક્લાસ (D) આપેલ તમામ

81. નીચે આપેલામાંથી શું ઓબ્જેક્ટ આધારિત પોગ્રામિંગ ભાષાના ઉપયોગ વડે ફરી વાપરવાની લાક્ષણિકતા પૂરી પાડે છે ?
(A) Encapsulation (B) Abstraction (C) Polymorphism (D) Inheritance

82. જાવામાં કોણ અણવપરાયેલા ઓબ્જેક્ટને શોધી તેના દ્વારા વપરાયેલી મેમરી પાછી મેળવે છે ?
(A) ગાર્બેજ કલેક્ટર (B) ઓબ્જેક્ટ કલેક્ટર (C) મેમરી કલેક્ટર (D) ક્લાસ કલેક્ટર

83. જાવા પોગ્રામમાં નવા બનેલા ઓબ્જેક્ટને કિંમત આપવા માટે કયા પગલાની જરૂર પડે છે ?
(A) Declaration (B) Instantiation (C) Initialization (D) Privatization

84. પોલિમોર્ફિઝમ શબ્દનો અર્થ શુ થાય છે ?
(A) એક સ્વરૂપ (B) અનેક સ્વરૂપ (C) (A) અને (B) બંને (D) આમાંથી કોઈ નહિ

**9 એરે અને સ્ટ્રિંગનો ઉપયોગ [11]**

85. જાવામાં કયો ચલ એક જ પ્રકારના ઘટકોના સંગ્રહને રજૂ કરે છે ?
(A) Variable (B) String (C) Array (D) Function

86. જાવામાં એરે ઘોષિત કરવા માટે કઈ વાક્યરચનાનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) <data type> <array name> [ ]; (B) <data type> [ ] < array name> ;
(C) (A) અને (B) બંને (D) આમાંથી કોઈ નહિ

87. નીચેના એરેમાં જો int mark [] = { 70, 90, 20 } ને વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે, તો marks [2] ની કિંમત શું થશે ?
(A) 00 (B) 70 (C) 90 (D) 20

88. જાવામાં કયા ક્લાસનો ઉપયોગ કરીને એરેની મેથડનો ઉપયોગ કરવાની સગવડ આપે છે ?
(A) java.Arrays (B) java.util.Arrays (C) java.util (D) java.arrays.Util

89. જાવામાં નીચેનામાંથી કયો કન્સ્ટ્રક્ટર ચલ રહિત એક પણ અક્ષર વગરનો સ્ટ્રિંગ ઓબ્જેક્ટ બનાવે છે ?
(A) String() (B) Char() (C) Text() (D) Word()

90. જાવામાં સ્ટ્રિંગ ક્લાસની boollean equals(String str) મેથડ, મેથડ કોલ કરતી સ્ટ્રિંગ અને પ્રાચલ str (ઓબ્જેક્ટ) સરખાં હોય, તો શું પરત કરે છે ?
(A) str (B) object (C) true (D) false

91. જાવામાં જો 2D એરે નીચે પ્રમાણે ડિફાઈન કરવામાં આવે int mark [ ] [ ] = new int [6] [4]; તો ભૌતિક દૃષ્ટિએ તે સળંગ મેમરીમાં કેટલા પૂર્ણાંક કિંમતનો સંગ્રહ કરી શકીએ ?
(A) 12 પૂર્ણાંક કિંમતો (B) 24 પૂર્ણાંક કિંમતો (C) 36 પૂર્ણાંક કિંમતો (D) 54 પૂર્ણાંક કિંમતો

92. જાવામાં આપેલી કિંમતવાળો ઘટક એરેમાં શોધવા માટે એરે ક્લાસમાં કઈ મેથડ ઉપલબ્ધ છે ?
(A) binarysearch() (B) booleansearch() (C) intsearch() (D) realsearch()

93. સદિશ, શ્રેણિક(Matrix) અને અન્ય બહુપરિમાણીય માહિતીને રજૂ કરવા માટે શાનો ઉપયોગ થાય છે?
(A) Array (B) Pointer (C) Constructor (D) Variable

94. જાવામાં એરેમાં પ્રારંભિક ઈન્ડેક્ષ (સૂચક આંક) ની કિંમત કયા અંકથી શરૂ થાય છે ?
(A) 0 (B) 1 (C) -1 (D) આમાંથી કોઈ નહિ

95. એરેમાં સમગ્ર કે આંશિક એરેને કોઈ ચોક્કસ કિંમતથી ભરવા માટે java.util.Arrays ક્લાસની કઈ મેથડનો ઉપયોગ થાય છે ?
(A) sort() (B) fill() (C) binarysearch() (D) String()

**13 અન્ય ઉપયોગી નિ :શુલ્ક ટૂલ્સ અને સેવાઓ [05]**

96. નીચેનામાંથી કયું મીડિયા પ્લેયર લાક્ષણિકતાની દૃષ્ટિએ સમૃદ્ધ છે ?
(A) Video Player (B) Music Player (C) VLC (D) MNC

97. કઈ તકનિક આપણા સ્થાનનો ચોક્કસ ખ્યાલ આપે છે ?
(A) GPA (B) Google (C) GPS (D) Location

98. R માંથી બહાર નીકળવા માટે કયો કમાન્ડ વપરાય છે ?
(A) q() (B) w() (C) s() (D) o()

99. રેશનલ પ્લાનમાં નીચેનામાંથી કેટલા ડેસ્કટોપ ઉત્પાદનનો સમાવેશ થાય છે ?
(A) 1 (B) 2 (C) 3 (D) 4

100. નીચેના પૈકી કયા સ્વરૂપે ગૂગલ મેપમાં માહિતી મેળવી શકાય છે ?
(A) નકશો (B) ઉપગ્રહ ચિત્ર (C) (A) અને (B) બંને (D) આમાંથી કોઈ નહિ